શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

**પ્રશ્નપત્ર ક્રમાંક-૫ (કુલ માર્ક્સ-૫૦)**

અભ્યાસ ક્રમ – **સમાધિતંત્ર : ગાથા ૫૬ થી ૬૫**

---

પરીક્ષાર્થીનું નામ : ........................................................................ ઉંમર : ......................

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ......................

ફોન નં.: ...................................................... તા. ૧-૦૮-૨૦૧૯

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચેના પ્રશ્નના એક જ શબ્દમાં જવાબ આપો. ૧૦**

(૧) શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ આત્માથી ભિન્ન છે, માટે તેઓ કેવા છે ? .........................

(૨) આત્મ સ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ કોણે અનુભવવું ? .........................

(૩) કેવા જીવો બહિર્મુખ હોય છે કે તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ જ હોય છે, તથા આત્મ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા કે રુચિ હોતી નથી. .........................

(૪) આત્મસ્વરૂપ કેવું હોવાના કારણે તે શબ્દો દ્વારા કે વિકલ્પ દ્વારા બીજાને સમજાવી શકાય તેવું નથી. .........................

(૫) જ્યાં સુધી શરીર, વચન અને મન એ ત્રણને જીવ આત્મબુદ્ધિથી ગ્રહણ કરે ત્યાં સુધી શું છે ? .........................

**પ્રશ્ન-૨ : નીચેનાં પ્રશ્નોનાં કૌંસમાં બે વિકલ્પ આપેલ છે તેમાંથી સાચો જવાબ આપો. ૧૦**

(૧) મન, વચન, કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી, પરંતુ તેમાં આત્મબુદ્ધિ કરવી તે શેનું કારણ છે ? (નરક, સંસાર)

(૨) જેમ જાડું વસ્ત્ર પહેરવાથી, ડાહ્યો માણસ, પોતાને જાડો થયેલો માનતો નથી, તેમ શરીર જાડું થતાં, આત્મા જાડો થયો એમ કોણ માનતું નથી ? (અંતરાત્મા, વિવેકીજન)

(૩) સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી શું નહીં કરવાથી શરીરાદિ પરપદાર્થો સાથે કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહીં ? (ભેદજ્ઞાન, જ્ઞાન)

(૪) અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઉઠે, પણ અભિપ્રાયમાં તેનો શું છે ? (વિરોધ, નિષેધ)

(૫) શરીરાશ્રિત ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, તાટક કરવું અનેક યોગ આસનો કરવા વગેરે જડક્રિયાઓનો સંબંધ કોની સાથે છે ? (આત્મા, શરીર)

**પ્રશ્ન-૩ : નીચેનાં પ્રશ્નોનાં ''હા'' અથવા ''ના''માં જવાબ આપો. ૧૦**

(૧) ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે, વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય તેવું નથી. .......

(૨) શરીર વિષે નિગ્રહ–અનુગ્રહબુદ્ધિ કરવી તે જ્ઞાન છે. .......

(૩) મન, વચન, કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી, કારણ કે તે જડની ક્રિયા છે. .......

(૪) બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થવું એ જ સુખનો ઉપાય છે. .......

(૫) પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ એ અશુભ રાગ છે. ......

**પ્રશ્ન-૪ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **૧૦**

(૧) મૂઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો શા માટે વ્યર્થ છે ?

(૨) પ્રબુદ્ધાત્મા એટલે શું ?

(૩) જ્ઞાની પોતાના આત્માની પુષ્ટી શેનાથી માને છે ?

(૪) શરીર સ્વસ્થ હોય તોજ ધર્મ થાય, જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય એ કોનો ભ્રમ છે ?

(૫) કર્તા-ભોક્તાબુદ્ધિ ક્યારે હોય છે ?

**પ્રશ્ન-૫ : નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર ટૂંકનોંધ લખો.** **૧૦**

(૧) બહિરાત્માને આત્મસ્વરૂપનો બોધ કેમ જ્ઞાની કરતા નથી તેના કારણો જણાવો.
(૨) મિથ્યાત્વના સંસ્કારવશ બહિરાત્માની દશા કેવી હોય છે તે જણાવો.
(૩) અંતરાત્માની શરીર સંબંધી માન્યતા શું છે તે જણાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૩૦-૯-૨૦૧૯ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.